# પાંચમા આરાની શરૂઆતમાં મનુષ્યની ચાલવાની શક્તિ.

— શ્રી રમણલાલ બબાભાઈ શાહ

[ આ લેખમાં લેખક વિચારપ્રેરક સામગ્રી રજૂ કરે છે. લેખક ઉત્તમ સંઘયણવાળા મનુષ્યની ચાલવાની શક્તિ વિશેષવિશેષ હોય તે તર્કબદ્ધ શૈલીમાં દૃષ્ટાંતો આપી સમજાવે છે. વળી જૈન સાહિત્યમાં આવતાં માપો આત્માંગુલ અને પ્રમાણાંગુલનો ખ્યાલ આપે છે.

દ્વારિકા નગરીનો વિસ્તાર નેમિનાથ પ્રભુના સમયમાં સેંકડો માઈલનો હતો. એ ખ્યાલ લેખક બહુ રોચક શૈલીમાં આપે છે.

આ પછી લેખક ગણરાજ્યો પ્રજાતંત્રો હતાં, એવો ઐતિહાસિક ભ્રમ દૂર કરે છે. ૫૬ કરોડ યાદવો દ્વારિકા નગરીમાં કેવી રીતે સમાઈ શકે, આ પ્રશ્નનો લેખક આ માપો દ્વારા ઉકેલ દર્શાવે છે.

મહુવાના જિનપ્રાસાદમાંની જીવંત સ્વામીની પ્રતિમા અરબસ્તાનથી આવી છે ને હાલ એ જ વિદ્યમાન છે. એટલે અરબસ્તાન સુધી જૈનધર્મીઓની વસતી હતી, એવી અપૂર્વ વિગતો આ લેખમાં વાંચવા મળે છે.

લેખક ૭ આરાઓની વિવિધ પરિસ્થિતિનો પણ પોતાના તર્કને પુષ્ટ કરવામાં ઉપયોગ કરે છે. લેખકે આ લેખ વિચાર પ્રેરે એ શૈલીમાં લખ્યો છે. ઐતિહાસિક પ્રમાણોનો વિચાર વાચકે યથાસ્થાને કરવાનો છે.

દક્ષિણ ભારતનો વિસ્તાર આફ્રિકાના માડાગાસ્કર ટાપુ સુધી જમીનરૂપે વિસ્તારેલો હતો. એ જમીનમાં માનવજાત આદિમાં ઉત્પન્ન થયેલી, એવું ભૂગોળવેત્તાઓ માને છે. આથી લેખકના તર્કો વિચારવા યોગ્ય જરૂર છે. — **સંપાદક** ]

સામાન્ય રીતે, હાલમાં જૈન સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે, ચોથા આરાના અંત સમયે તથા પાંચમા આરાની શરૂઆતમાં મનુષ્યની ચાલવાની શક્તિ દરરોજના ૧૦૦ થી ૧૨૫ માઈલ હોઈ શકે. પરંતુ આ પ્રચલિત માન્યતા ઉપર વિશેષપણે વિચાર કરવાની ખાસ આવશ્યકતા છે, અને તેને માટે નીચે જણાવેલા ખાસ મુદ્દાઓ ખૂબ ધ્યાનમાં રાખવા જેવા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી રીતે હાલની ઊંચાઈ ૩॥ થી ૪ હાથ, તેના કરતાં ચોથા આરાના અંતિમ સમયની ઊંચાઈ ૭ હાથની છે, તે હાલની ઊંચાઈ કરતાં લગભગ બમણી છે, તે કારણે તે વખતની ચાલવાની શક્તિ પણ લગભગ બેવડી માનવામાં આવે છે. તેવી જ રીતે હાલના છઠ્ઠા સંઘયણ, સેવાર્ત સંઘયણને પહેલાં વજ્રઋષભનારાચ સંઘયણ હતું, તેની શક્તિ પણ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

છેલ્લા, છેવટ્ઠું (છઠ્ઠું સેવાર્ત) સંઘયણ કરતાં પહેલા વજ્રઋષભનારાચ સંઘયણને કારણે ચાલવાની શક્તિ અનેકગણી વધી જાય છે. છઠ્ઠા સંઘયણ કરતાં પાંચમા સંઘયણની, પાંચમા કરતાં ચોથાની, ચોથા કરતાં ત્રીજાની, ત્રીજા કરતાં બીજાની અને બીજા કરતાં પહેલાની ચાલવાની શક્તિ ઉત્તરોત્તર વધતી જાય છે. અને તેથી છઠ્ઠા સંઘયણ કરતાં પહેલા સંઘયણની ચાલવાની શક્તિ લગભગ ૨૦ થી ૨૫ ગણી હોવાનો સંભવ માની શકાય અને તેથી તે કાળમાં મનુષ્યની ચાલવાની શક્તિ દરરોજ ૧,૦૦૦થી ૧,૨૦૦ માઈલની સામાન્યપણે માની શકાય.

હાલમાં, (વિ. સં. ૨૦૩૩, ઈ. સ. ૧૯૭૭) મનુષ્યની દરરોજની ચાલવાની શક્તિ ૪૦ માઈલની રહેલી જ છે. (અલબત, બધા મનુષ્યો દરરોજના ૪૦ માઈલ ચાલતા નથી કે ચાલવાની શક્તિ ધરાવતા યે નથી. (પરંતુ અત્યારે પણ, કેટલાક મનુષ્યો એવા છે કે, જેઓ દરરોજના ૪૦–૫૦ માઈલ ચાલવાની શક્તિ ધરાવે છે.) દરરોજ ૨૫ થી ૪૦ માઈલ સુધીનો વિહાર કરનારા મુનિરાજો હાલમાં પણ વિદ્યમાન છે. જ્યારે આજથી ૫૦–૬૦ વરસ પહેલાં એક જ દિવસમાં ૭૦–૮૦ માઈલ ચાલવાના બનાવો બનેલા છે. કેટલાક ચોર, લૂટારાઓ તો એક જ રાત્રિમાં ૧૦૦ માઈલ દૂર નાસી ગયાના બનાવો બનેલા છે. તદુપરાંત, (૧) ઈ. સ. ૧૯૬૦ લગભગમાં એક માણસ કેરળથી મુંબઈ (લગભલ ૧,૦૦૦ માઈલ) ૧૪ દિવસ પગે ચાલીને પહોંચી ગયેલ હતો. (૨) મેન્સન એહર્નસ્ટ નામનો એક નોર્વેજિયન ઈ. સ. ૧૮૩૩માં મુનચેનથી ગ્રીસ સુધીનું ૨,૦૦૦ માઈલનું અંતર ૨૪ દિવસમાં તથા ઇસ્તંબુલથી કલકત્તા સુધીનું આવવાનું અને જવાનું મળીને ૬,૨૫૦ માઈલનું અંતર ૫૯ દિવસમાં કાપી ગયેલો. ['સંદેશ'. તા. ૨–૭૧–૬૪] (૩) હાલમાં ઇ. સ. ૧૯૬૬માં પાટણ પાસે કુણગેર ગામમાં રહેતા શ્રી ત્રિકમલાલ કરસનદાસ નાયક ૯૦ વર્ષની ઉમ્મરે પણ કુણગેરથી અંબાજી (૯૦ થી ૧૦૦ માઈલ) ત્રણ દિવસમાં પગે ચાલતા જાય છે અને ત્રણ દિવસમાં પગે ચાલતા પાછા ઘેર આવે છે. (૪) હાલમાં, (૧૩ જાન્યુઆરી, ૧૯૭૭) સુરત તરફના શ્રી ઝીણાભાઈ નાયક અમદાવાદના સાબરમતી આશ્રમથી દિલ્હી તરફ દોડી રહ્યા છે, અને તા. ૧૫–૨–૭૭ સુધીના પંદર દિવસમાં ૫૮૦ કિલોમીટરનું (આશરે ૨૫ માઈલ)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંતર કાપીને જયપુર પહોંચ્યા છે. ૭૩ વર્ષની ઉમ્મરે દરરોજ ૪૦ કિલોમીટર (આશરે ૨૫ માઇલ)નું અંતર તેઓ કાપે છે. ['સંદેશ.' ૧૬-૨-૭૭]

આ ઉપરાંત, છેલ્લાં ૧૦૦ વર્ષની અંદરના ગાળામાં ઘણા માણસોએ દરરોજના ૭૦ થી ૧૦૦ માઇલ ચાલવાના બનાવો છઠ્ઠા છેવટ્ટું સંઘણયવાળા શરીરવાળા અને ૩II થી ૪ હાથની ઊંચાઈવાળા મનુષ્યોના છે.

જો સેવાર્ત નામનું છેલ્લું સંઘયણ અને ૩II થી ૪ હાથ ઊંચાઈ ધરાવતા માણસો દરરોજના ૭૦થી ૧૦૦ માઇલિ ચાલવાની શક્તિ ધરાવતા હોય, તો ૭ હાથની આસપાસ ઊંચાઈ ધરાવતા અને પ્રથમ સંઘયણ ધરાવતા મનુષ્યો દરોજના ૧,૦૦૦ થી ૧,૨૦૦ માઇલિ ચલાવવાની શક્તિ ધરાવતા હોય, તેમાં કોઈ જ આશ્ચર્ય નથી, પરંતુ તે સ્વાભાવિક જ છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુર્થી વિચારીએ, તો પણ, જેમ જેમ ફેફસાંની મજબૂતાઇ વિશેષ, તેમ તેમ ચાલવાની શક્તિ પણ વિશેષ હોય છે. ૫II થી ૬ ફૂટ ઊંચાઈ ધરાવતા વૃદ્ધ કરતાં ૪ ફૂટથી પણ ઓછી ઊંચાઈ ધરાવતાં બાળકો વધુ અંતર વધુ ઝડપથી કાપી શકે છે. ઊંચા વૃદ્ધ માણસ કરતાં નાના બાળકના પગની લંબાઈ ઓછી હોવાને કારણે ટૂંકાં પગલાં ભરવા છતાં પણ, ફેફસાંની વધુ મજબૂતાઈને કારણે બાળક વધુ ડગલાં ચાલી શકે છે. વૃદ્ધ માનવી જેટલા સમયમાં ૧૦૦ ડગલાં ચાલી શકે, તેટલા જ સમયમાં નાનું બાળક ૨૦૦ થી ૨૫૦ ડગલાં ચાલી શકે અને તેથી જ તે વૃદ્ધ માનવી કરતાં આગળ નીકળી જાય.

શરીર સંઘયણમાં પણ જેમ સંઘયણ સારું તેમ ફેફસાંનું બળ વધારે. છઠ્ઠા સંઘયણથી પાંચમા સંઘયણનાં ફેફસાંનું વિશષ બળ. તેવી જ રીતે, ઉત્તરોત્તર પાંચમાથી ચોથાનાં, ચોથાથી ત્રીજાનાં, એમ ઉત્તરોત્તર પ્રથમ સંઘયણવાળા શરીરમાં ફેફસાં પણ ઉત્તરોત્તર વધુ ને વધુ મજબૂત હોય છે. તેથી જ છઠ્ઠા સંઘણયવાળા કરતાં પ્રથમ સંઘયણવાળા મનુષ્યોના પગનું રોટેશન ઉત્તરોત્તર વધુ ને વધુ, અને તેથી ચાલવાની ક્રિયા પણ ઘણી જ વધારે ઝડપથી થાય.

મનુષ્ય દ્વારા ચલાવવામાં આવતી સાદી સાયકલની જે ઝડપ હોય છે, તે જ સાયકલને જો મોટરનું મશીન લગાડવામાં આવે, તો તે જ સાયકલની ઝડપ મોટરની હોર્સ પાવર શક્તિના પ્રમાણમાં ઘણી જ વધી જાય છે.

આ રીતે, સમગ્ર રીતે વિચાર કરતાં જણાય છે કે, હાલના સેવાર્ત સંઘયણ શરીરવાળા અને ૩II થી ૪ હાથની ઊંચાઈવાળા મનુષ્યમાં દરરોજના ૬૦-૭૦ માઇલિ ચાલવાની શક્તિ જો રહી શકતી હોય, તો પ્રથમ સંઘયણ, વજ્રઋષભનારાચ સંઘયણ અને ૭ હાથની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઊંચાઈ ધરાવતા બલિષ્ઠ માનવોમાં દરરોજ ૧,૦૦૦ થી ૧,૨૦૦ માઈલિ ચાલવાની શક્તિ હોય તેમાં કોઈ જ આશ્ચર્ય નથી.

વળી, આત્માંગુલથી ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી રાજગૃહી નગરી (માઈલિને) હિસાબે ૨૧૦ માઈલિ લાંબી અને ૧૬૦ માઈલ લગભગ પહોળી) જેવી બીજી પણ કેટલીક મોટી નગરીઓ ભરતક્ષેત્રમાં હતી, જેમાં નગરીની બહાર આવેલા ઉદ્યાનોમાં રહેલા વિશિષ્ટ જ્ઞાનીઓની દેશનામાં, નગરીના જુદાજુદા ભાગોમાંથી ૭૦ થી ૧૦૦ માઈલિનું અંતર કાપીને પ્રજાજનો દેશના સાંભળવા આવતા. દેશના સાંભળીને બપોરના પાછા ઘેર પણ પહોંચી જતા. આ વખતે તેઓ અર્ધા દિવસમાં જ ૧૫૦ થી ૨૦૦ માઈલિનું અંતર કાપતા અને દેશના પણ તે સમયના અવકાશમાં જ સાંભળી શકતા. વળી શ્રેણિક મહારાજા તો ઠાઠમાઠપૂર્વક વરઘોડા સહિત જ ઘણી વખત આવતા અને પાછા પોતાના સ્થાને મધ્યાહ્ન સુધીમાં પહોંચી જતા. વળી કેટલીક વખત દીક્ષા પ્રસંગોએ પણ વરઘોડા સહિત નગર બહાર જઈને ઉદ્યાનમાં દીક્ષા પ્રસંગ ઉજવાતા. આવા પ્રસંગોએ પણ ૧૫૦ થી ૨૦૦ માઈલિના વિસ્તારવાળી નગરીઓમાંથી પ્રજાજનો ૨૦૦ થી ૩૦૦ માઈલિ (આવવા અને પાછા જવાનું કુલ અંતર) ચાલી દીક્ષા પ્રસંગોમાં ઉપસ્થિત થઈને જીવનને ધન્ય બનાવતા.

આથી સહજ રીતે સમજી શકાશે કે, શ્રી મહાવીર સ્વામીના સમયમાં એકબીજા દેશો અને નગરીઓનું ઘણું અંતર હોવા છતાં પણ, ૭ હાથની ઊંચાઈ અને વજ્રઋષભ-નારાચ સંઘયણ (પ્રથમ)ના કારણે મનુષ્યની ચાલવાની સ્વાભાવિક શક્તિ ૧,૦૦૦ થી ૧,૨૦૦ માઈલિની હોવાને લીધે સાધુ મહારાજાઓ પણ વિહાર કરીને લાંબા અંતરે જઈ શકતા હતા.

શ્રી નેમિનાથ પ્રભુના સમયમાં દ્વારિકા નગરી તે સમયના આત્માંગુલ ૧૨ યોજન લાંબી અને ૯ યોજન પહોળી હતી. તે સમયના આત્માંગુલના એક યોજન બરાબર આજના સમયના આશરે ૭૨ માઈલિ થાય છે. એટલે ૭૨ × ૧૨ = ૮૬૪ માઈલ લાંબી અને ૭૨ × ૯ = ૬૪૮ માઈલિ પહોળી હતી. જેથી શ્રી નેમિનાથ પ્રભુના દીક્ષા કલ્યાણના પ્રસંગે નગરીની મધ્યમાં આવેલા મહેલમાંથી વરઘોડો ચડાવીને લગભગ સાડા ત્રણસો માઈલિ દૂર આવેલા નગરના કોટના દરવાજામાંથી નગરીની બહાર નીકળીને, ત્યાંથી ઈશાન દિશામાં આવેલા શ્રી ગિરનાર તીર્થની તળેટી પાસે આવેલા સહસ્રામ્ર વનમાં પ્રભુએ દીક્ષા અંગીકાર કરી હતી. ત્યારબાદ નગરજનો તે જ દિવસે પોતપોતાને સ્થાને પહોંચી ગયા હતા. અલબત, તે સમયે મનુષ્યની ઊંચાઈ ૧૦ ધનુષ્ય = ૪૦ હાથ (શ્રી મહાવીર પ્રભુના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમયની ઊંચાઈ કરતાં લગભગ છ ગણી) હોવાથી ચાલવાની શક્તિ પણ ઘણી વિશેષ હતી. આ હકીકત પણ સ્પષ્ટ કરે છે કે, શ્રી મહાવીર સ્વામીના સમય કરતાં શ્રી આદિનાથ પ્રભુના સમય સુધી દરરોજની ચાલવાની શક્તિ ઉત્તરોત્તર વધુ ને વધુ હતી.

આપણે જાણીએ છીએ કે, પ્રભુ શ્રી નેમિનાથ સ્વામીના સમયમાં દ્વારિકા નગરીમાં ૫૬ કોટિ યાદવો રહેતા હતા. આ હકીકત હાલના કાળમાં આપણી બુદ્ધિમાં ઊતરતી નથી. કેટલીક વખતે આપણે 'કોટિ' શબ્દના જુદા જુદા અર્થ પણ તારવીએ છીએ. હકીકતમાં, આ સ્થાને 'કોટિ' શબ્દનો અર્થ કરોડ જ થાય છે. અને તે સમયે ૫૬ કરોડ યાદવો અને ૧૬ કરોડ બીજી પ્રજા મળીને, દ્વારિકા નગરીના કોટના વિસ્તારની અંદર જ ૭૨ કરોડ માનવો રહેતા હતા, અને નગર બહારના પરાં વિસ્તારમાં બીજા ૪૮ કરોડ માણસો રહેતા હતા. પરાં વિસ્તાર સહિત દ્વારિકા નગરીની કુલ વસ્તી ૧૨૦ કરોડની હતી. હવે, આ ૫૬ કરોડની વસ્તી કેવી રીતે નગરીમાં સમાઈ શકે તે જોઈએ. દ્વારિકા નગરીના આત્માંગુલથી ક્ષેત્રફળની ગણના ૮૬૪ × ૬૪૮ = ૫,૫૯,૮૭૨ ચોરસ માઈલ થાય, એટલે લગભગ સાડા પાંચ લાખ ચોરસ માઈલ ક્ષેત્રફળ થાય. હવે આજનું મુંબઈ શહેર આશરે ૪૦ માઈલ લાંબું અને ૫ માઈલ પહોળું છે, એટલે ૪૦ × ૫ = ૨૦૦ ચો. માઈલ ક્ષેત્રફળ ધરાવે છે. હાલમાં, મુંબઈની વસતી આશરે ૬૦ લાખની છે. જો ૨૦૦ ચોરસ માઈલ ક્ષેત્રફળવાળા મુંબઈ શહેરમાં ૬૦ લાખ માણસો સમાઈ શકતા હોય, તો ૫ ૧/૨ લાખ ચોરસ માઈલના ક્ષેત્રફળવાળી દ્વારિકા નગરીમાં ૭૨ કરોડ માણસો સહેલાઈથી સમાઈ શકે, તેમાં કાંઈ જ આશ્ચર્ય જેવું નથી. સાદી સમજથી આ હકીકત સમજી શકાય તેમ છે.

વસ્તુતઃ આપણે શાસ્ત્રનિર્દિષ્ટ હકીકતોને શાસ્ત્રકથિત સિદ્ધાંતોને આધારે જ સમજવા પ્રયત્ન કરીએ, તો દરેક હકીકત સારી રીતે સમજી શકાય તેવી જ હોય છે. ફક્ત તે નિર્દેશોને આજની પ્રચલિત માન્યતાના માપથી માપવી જોઈએ નહિ.

મૂળ દ્વારિકા નગરીનું સંભવિત સ્થાન વૃદ્ધ પુરુષોની પાસેથી સાંભળવા મુજબ હાલમાં જે દ્વારિકા નગરી છે, તે લગભગ ૨૭ મી વખત વસેલી છે. અગાઉની ૨૬ દ્વારિકાઓ દ્વૈપાયન ઋષિ જે દેવ થયેલા તેમણે બાળેલી છે અને સમુદ્રે તેને બોળીને ડારેલી છે. આ છવ્વીસે દ્વારિકા નગરીઓ અલગ અલગ સ્થાને વસેલી હતી અને મૂળ દ્વારિકા નગરી આફ્રિકા ખંડને દક્ષિણ કિનારે આવેલ 'કેપ ઓફ ગુડ હોપ' ભૂશિરથી ઘણે દૂર નૈઋત્ય ખૂણે આવેલી હોય તેમ જણાય છે. આ દ્વારિકા નગરી જવાનો રસ્તો આવે, તેમાં વચમાં જ તારાતંબોળ નગર આવેલું હોવાની મારી ધારણા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત ૧૮૧૫ ની આસપાસ શ્રી પદમશી શેઠે તથા વિક્રમના ૧૭ મા સૈકામાં એક ખત્રીએ કરેલી બે વખતની મુસાફરીનો અહેવાલ વાંચતાં, ત્યાં ૭૬૦ શિખરબંધ જૈન મંદિરો તથા યાદવવંશી રાજા વગેરેના અહેવાલ તથા મુસાફરીના માર્ગ પરથી લાગે છે કે, તારાતંબોળ નગર દ્વારિકા જવાના માર્ગમાં હોવું જોઈએ. વળી, ત્યાં યાદવવંશી રાજા હોવાથી એ અનુમાન વધુ પ્રમાણભૂત લાગે છે. કારણ કે, આજથી પંદર સો વર્ષ પહેલાં કોઈ યાદવવંશી પ્રજા જણાતી નથી. અને હાલમાં સૌરાષ્ટ્રમાં વસતા તેમ જ જૂનાગઢના રાજાઓ રા' ખેંગાર, રા' નવઘણ, રા' વિશ્વવરાહ વગેરેના પૂર્વજો ઈ. સ. ના સાતમા સૈકા સુધી મિશ્ર દેશ (મિસર–ઈજિપ્ત) ના શોણિતપુર (લોહકોટ) નગરમાં વસતા હતા. અને મહમ્મદ પયગંબરના સમયમાં શ્રી દેવન્નુ નામે રાજા રાજ કરતા હતા. આરબો સાથેની લડાઈમાં આ રાજાના પુત્રો હારી જવાથી ગજપત, નરપત અને ભૂપત નામના ત્રણ પુત્રોએ ભારતમાં આવીને વસવાટ કરેલો છે.

## આરબ અને યહૂદી – યાદવકુળના વંશજો :

વળી આરબો અને યહૂદીઓ એક જ વંશમાંથી ઊતરી આવેલા છે અને તેમના પૂર્વજો યાદવ કુળમાંથી ઊતરી આવેલા જણાય છે. સાંભળવા અને જાણવા મુજબ આરબો શ્રી કૃષ્ણને પોતાના પૂર્વજ માને છે અને કેટલાક અરબી મુસલમાનો શ્રી કૃષ્ણની છબી પણ પોતાના ઘરમાં રાખે છે અને છબી સન્મુખ ધૂપ અને દીવો પણ કરે છે. (આ હકીકત એક મુસલમાન કામદાર તરફથી જાણવા મળી છે.)

શ્રી જીવત સ્વામી પ્રભુની પ્રતિમા જે હાલમાં મહુવા બંદરના શહેરમાં બિરાજમાન છે, તે પ્રતિમાજી મહંમદ પયગંબરના સમય સુધી મક્કા શહેરના એક મંદિરમાં બિરાજમાન હતાં અને અરબસ્તાનમાં ધર્મ પરિવર્તન થવાથી મહુવા બંદરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ છે. (આ હકીકત પણ એક જૈન ઇતિહાસનું પુસ્તક જેનું નામ મને હાલ યાદ રહ્યું નથી, તેમાં વાંચવામાં આવેલી હતી.)

આ સઘળી હકીકતોનો સમગ્ર રીતે વિચાર કરતાં જણાય છે કે, મૂળ દ્વારિકાનું પતન થવાથી ત્યાંથી બચેલી શેષ પ્રજાએ સ્થળાંતર કરતાં કરતાં તારાતંબોળ નગરીમાં વસવાટ કરેલો હોય અને ત્યાંથી પણ કેટલીક પ્રજાએ કાળાંતરે આગળ વધીને મિશ્ર (મિસર–ઈજિપ્ત) દેશમાં વસવાટ કરીને રાજ્ય પણ સ્થાપ્યું હતું. અને ત્યાંથી ઈસ્લામ ધર્મ નહીં સ્વીકારનાર યાદવો ઈ. સ. ના છઠ્ઠા – સાતમા સૈકામાં ભારતમાં આવીને વસેલા છે, અને કચ્છ તથા સૌરાષ્ટ્રમાં તેમણે પોતાનાં રાજ્યોની સ્થાપના કરેલી છે. કચ્છમાં લાખો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફૂલાણી અને સૌરાષ્ટ્રમાં રા' વિશ્વવરાહ, રા' ગૃહરિપુ, રા' નવઘણ, રા' ખેંગાર વગેરે રાજાઓ આ વંશમાં પ્રખ્યાત થઈ ગયા છે.

**ગણતંત્રનો ભ્રમ – ઇતિહાસનો એક ભ્રમ :**

બૌદ્ધ કથાનકોને આધારે પરદેશી ઇતિહાસ લેખકોએ પોતાના સ્વાર્થને ખાતર એક ભ્રમ ફેલાવેલો છે કે, વૈશાલીનું રાજ્ય પ્રજાએ ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓ મારફત ચાલતું હતું, અને તે એક ગણરાજ્ય હતું, પરંતુ આ હકીકત સાચી નથી. સાચી હકીકત તો એ છે કે, વૈશાલીનું રાજ્ય રાજાસત્તાક જ હતું અને શ્રી ચેટક રાજા અથવા શ્રી ચેડા મહારાજા તેના સ્વતંત્ર રાજવી હતા. અને તે સમયે તેમની પડોશમાં ૯ મલ્લવી અને ૯ લિચ્છવી રાજ્યો હતાં. આ ૯ મલ્લવી અને ૯ લિચ્છવી અને એક વૈશાલીનું એમ ૧૯ રાજ્યોના રાજવીઓએ એક રાજવીમંડળ (નજદીકના ભૂતકાળમાં સૌરાષ્ટ્રના રાજાઓએ બનાવેલું હતું, તેવું એક ફેડરેશન રૂપનું ગણતંત્ર) બનાવેલું હતું અને શ્રી ચેટક મહારાજા આ રાજવી મંડળના પ્રમુખ હતા. આ ૧૯ રાજ્યોનો એક ગણ કહેવાતો હતો અને આ રાજ્યો ગણતંત્રના સભ્ય હતા. પરંતુ આમાંથી કોઈ પણ રાજવી પ્રજા દ્વારા ચૂંટાયેલો નહોતો. પરંતુ મોટે ભાગે બધા વારસાગત રાજ્યના સ્વામીઓ હતા. આમ આ ૧૯ માંનાં બધાં જ રાજ્યો પ્રજાસત્તાક નહિ, પરંતુ રાજાસત્તાક જ હતાં.

* * *

---

किमाह बंधणं वीरो ? किंवा जाणं तिउट्टई ?
चित्तमतंमचितं वा, परिगिज्झ किसामवि ।
अन्नं वा अणुजाणाइ, एवं दुक्खा न मुच्चई ॥
वित्तं सोयरिया चेव, सव्वमेवं न ताणई ।
संखाए जीवअं चेव, कम्मुणा उ तिउट्टई ॥

— श्री सूयगडांग

પ્રશ્ન : મહાવીર પ્રભુ ! બંધન કોને કહે છે ? અને શું જાણવાથી એ બંધન તૂટે છે ?

ઉત્તર : હે આયુષ્યમાન ! જ્યાં સુધી જીવ ચેતન અથવા જડનો અલ્પ પ્રમાણમાં પણ પરિગ્રહ કરે છે, અથવા બીજાઓ દ્વારા કરાતા પરિગ્રહને અનુમોદન આપે છે, ત્યાં સુધી એ દુઃખથી મુક્ત થઈ શકતો નથી. ધન અથવા કુટુંબ ગમે તેટલું વિપુલ હોય, પણ એ બધું જીવને દુઃખમાં સહાય કરી શકતું નથી. તેવી જ રીતે આયુષ્ય પણ ચંચળ છે, એ ઉપક્રમ ક્રિયાથી તૂટી જાય છે. એટલે આ વિચારીને બંધનનો ત્યાગ અને સંયમ-સાધનાથી કર્મોનો નાશ કરી દેવો જોઈએ.

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org